ઝવેરચંદ મેઘાણીનું જીવન અને કવન ચર્ચો.

પ્રસ્તાવના -

અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય ચાર યુગ છે. જેમાં નર્મદ કે સુધારકયુગ (ઇ.સ.1850-1885), ગોવર્ધનયુગ કે પંડિતયુગ (ઇ.સ.1885થી 1915 આસપાસ), ગાંધીયુગ કે રાષ્ટ્રીય ચળવળયુગ (ઇ.સ.1915થી 1950 આસપાસ) અને અનુગાંધીયુગ ઇ.સ.1950થી આજ સુધીનો યુગ. ઝવેરચંદ મેઘાણી એ ગાંધીયુગનાં સાહિત્યકાર છે. 'રાષ્ટ્રીય શાયર' તરીકે જાણીતા અને 'દ.સ.ણી' (પોતાના પૂરા નામનો અંતિમ અક્ષર), 'વિરાટ', 'વિલાપી', 'શાણો', 'સાહિત્યયાત્રી' વગેરે ઉપનામ એમણે રાખ્યા હતાં. ક્યારેક તો મેઘાણી અને જોધાણી અટકમાં પણ ભેળસેળ થઇ જતી જોવા મળતી હતી. મેઘાણી બહુવિધ સાહિત્યનાં સર્જક રહ્યાં છે. આપણે એમનાં જીવન અને સાહિત્ય વિશે વિગતે ચર્ચા કરીએ.

<u>મેઘાણીનું જીવન</u> –

ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનો જન્મ તા.17 ઓગસ્ટ ઇ.સ.1897માં થયો હોવાનું મનાય છે. અલબત બીજી તારીખ પણ મળે છે. તો એમનું અવસાન તા.9 માર્ચ ઇ.સ.1947માં થયું હતું. ગાંધીજીએ જેને "રાષ્ટ્રીય શાયર' તરીકેનું બિરુદ આપેલું એ મેઘાણી. આ મેઘાણીએ કવિતાસંગ્રહો, નવલિકાસંગ્રહો, નવલકથાઓ, લોકસાહિત્યનાં ગ્રંથો, અનુવાદગ્રંથો, સંશોધન-સંપાદન અને વિવેચન રુપે પણ અનેક પુસ્તકો આપ્યાં છે.

મેઘાણીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટિલામાં થયેલો. વતન તરીકે બગસરા (જિ.અમરેલી) અને શિક્ષણની ચર્ચા કરીએ તો પ્રાથમિક શિક્ષણ રાજકોટ, દાઠા, પાળીયાદમાં લીધું હતું. માધ્યમિક શિક્ષણ પોતાનાં કુટુંબીજનો સાથે રહીને વઢવાણ (કેમ્પ), બગસરા અને પછી અમરેલીમાં લીધું હતું.. ઇ.સ.1912માં મેટ્રીકની પરીક્ષા ઉત્તીર્ણ કરી. ત્યારબાદ અંગ્રેજી અને સંસ્કૃત વિષય સાથે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં પ્રવેશ મેળવ્યો થોડોક સમય ભાવનગરની હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરેલી.

એમ.એ.નો અભ્યાસ કરતાં રહ્યાં. કૌટુંબિક કારણોસર નોકરી અને અભ્યાસ પણ છોડી દીધાં અને મેઘાણી કલકત્તા ગયાં. ત્યાં એલ્યુમિનિયમનાં કારખાનામાં અંગત મંત્રી તરીકેની નોકરી-જવાબદારી સંભાળી. ઇ.સ.1919માં કારખાનાનાં માલિક સાથે ત્રણ મહિનાનો ઇંગ્લેંડ પ્રવાસ કર્યો. આમ બે વર્ષ કલકતામાં નોકરી કરી કંટાળી વતન ભણી પરત ફર્યા. ઇ.સ.1921માં બગસરા આવ્યાં.

ઇ.સ.1922માં ઝવેરચંદ મેઘાણી ‘સૌરાષ્ટ્ર’ સાપ્તાહિકના તંત્રીમંડળમાં જોડાયા. એ સાથે જ પત્રકાર તરીકેના જીવનનો પ્રારંભ કર્યો. ઇ.સ.1926માં ‘સૌરાષ્ટ્ર’ સાપ્તાહિકમાંથી મુક્ત થયાં. ઇ.સ.1930માં આઝાદી માટે સત્યાગ્રહ ચળવળમાં જોડાવા બદલ ખોટા આરોપસર વર્ષનો જેલવાસ ભોગવાનો વારો આવ્યો. ઇ.સ.1932માં ‘ફૂલછાબ’ સાપ્તાહિકમાં જોડાયા, પરંતુ ‘ફૂલછાબ’ને રાજ્કીય રંગે રંગવાનો નિર્ણય લેવાતાઇ.સ.1933માં મેઘાણી એમાંથી પણ છૂટા થયાં. હવે મેઘાણી મુંબઈ જઈ ‘જન્મભૂમિ’ દૈનિકમાં ‘કલમ અને કિતાબ’ કૉલમના સાહિત્યપાનાનું સંપાદન શરુ કરે છે.

ઇ.સ.1936માં તેઓશ્રી બોટાદ આવી ફરી 'ફૂલછાબ'માં જોડાઈને તંત્રી તરીકેની જવાબદારીમાં જોડાયાં. ઇ.સ.1946માં મેઘાણી રાજકોટ ખાતે ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ બન્યાં. તો.ઇ.સ.1928માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળે છે. ઇ.સ.1946માં મહીડા પારિતોષિકથી સન્માનિત થયાં. તા. 9 માર્ચ ઇ.સ.1947માં રાષ્ટ્રીય શાયર તરીકે પ્રતિષ્ઠિત સાહિત્યકાર ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનું બોટાદમાં નિર્વાણ.

મેઘાણીનાં પિતા નોકરી નિમિત્તે ગીરના કે શાળાઓની રજાઓ દરમિયાન વખતોવખત જવાને કારણે સૌરાષ્ટ્રની વનપ્રકૃતિ અને જનસંસ્કૃતિ સાથે સ્થપાયેલો ઘનિષ્ઠ સંબંધ બાંધી ચૂકે છે, કૉલેજકાળ દરમિયાન કપિલભાઈ ઠક્કર જેવા મિત્રના સહવાસથી ગાંધીજીના સત્યાગ્રહ-આંદોલન માટે જન્મેલો આદરભાવ અને હડાળાના વાજસૂરવાળાની મૈત્રીથી લોકસાહિત્ય પ્રત્યે જાગેલું આકર્ષણ વગેરે જેવા પરિબળો મેઘાણીનાં વ્યક્તિત્વ અને સાહિત્યમાનસ ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે. 'સૌરાષ્ટ્રી સાહિત્યકાર' અને 'રાષ્ટ્રીય શાયર' તરીકે ઓળખાયેલા મેઘાણીના કાવ્યસર્જનની પ્રવૃત્તિનો પ્રારંભ તો શાળા કૉલેજના અભ્યાસ દરમિયાન થઈ ગયેલો, આ અને આવા પ્રેરક-પોષક પરિબળો મેઘાણીને સાહિત્યકાર મેઘાણી બનાવે છે. આ રીતે ઝવેરચંદ મેઘાણીનાં સાહિત્યમાં ગાંધીયુગનાં લક્ષણો જોવા-જાણવા મળે છે.

ઝવેરચંદ મેઘાણીનું લેખનકાર્ય ખરેખર તો ઇ.સ.1922થી વિધિવત રીતે શરુ થયું શરૂ થયું એમ આપણે કહી શકીએ. આ વર્ષમાં મેઘાણી દ્વારાં લખાયેલા ત્રણ લેખોમાંથી 'ચોરાનો પોકાર' લેખે એમને 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક સાથે સાંકળવામાં અને એમના પત્રકાર અને સાહિત્યિક જીવનનાં દ્વાર ઉઘાડી આપવામાં મહત્વનો ભાગ ભજવ્યો રસ અને રુચિ સાથે શોખ અને શોધવૃત્તિ મેઘાણીને એનાં વ્યક્તિત્વમાં સર્જનાત્મકતા ઉમેરે છે. એમાં સોરઠના પહાડી પ્રદેશમાં નાણેલી,

માણેલી, પામેલી દુહા-સોરઠાની રમઝટ, શાળાજીવનમાં કલાપીની કવિતાનું અનુભવેલું અનોખું કહી શકાય એવું આકર્ષણ રહ્યું. કલકત્તામાં નિવાસ કર્યો એ સમયે બાઉલ-ભજનો (બંગાળી ભજન) અને રવીન્દ્રનાથ ટાગોરની કવિતાનો પરિચય થયો. સાથોસાથ મેઘાણીને લોકસાહિત્યનો ઘનિષ્ઠ સંપર્ક પણ થયો. આવા અનેક કારણોથી મેઘાણીનું નવુ ઘડતર પણ થાય છે. જેનાં દ્વારાં કાવ્ય પ્રત્યેની રસ અને રુચિવાળી મેઘાણીની કવિતા ગાંધીયુગીન ભાવનાઓને પ્રબળ રીતે ઝીલે છે.

પરંતુ, આગળની સાક્ષર કે પંડિત કે ગોવર્ધનયુગનાં સાહિત્યિક લક્ષણની એમને ખબર પણ છે. એ યુગની સામગ્રી અને શિલ્પ અથવા તો અભિવ્યક્તિ અને અભિગમની બાબતે મેઘાણી નોખા-અનોખા સર્જક તરીકે આપણી પાસે આવે છે, નિજીમુદ્રા લઇને મેઘાણી આવે છે. કોશિયો પણ સમજી શકે એવુંસાહિત્ય લખાવું જોઇએ' – એ ગાંધીજીની ટકોરને સાંભળી મેઘાણી ગામડા તરફ ઢળ્યાં. લોકવાણી અને લોકસંસ્કૃતિને નજીકથી જાણવા-માણવાનો મેઘાણીએ પૂર્ણ પ્રયાસ કર્યો.

જે મેઘાણીને રાષ્ટ્રીય ફલક ઉપર મૂકી આપે છે. એમણે 97 (સત્તાણું) પુસ્તકોમાં અર્ધો અર્ધો ભાગ લોકસાહિત્યની અને લોકસમાજની છાપ અને છાંટવાળી રચનાઓ મળતી હોય એ આપણે જોઇ શકીએ છીએ. હવે, આપણે મેઘાણીનાં અન્ય પાસાઓ જોઇએ.

કવિ મેઘાણી – મેઘાણી ગાંધીયુગનો સર્જક છે. એમની કવિતાઓમાં ગાંધીયુગનાં તમામ લક્ષણો જોવા મળે છે. આઝાદીની ચળવળથી માંડીને દલિત-પીડિતનાં કાવ્યો એમણે રચ્યાં છે. બાળગીતોથી માંડીને રાષ્ટ્રભાવનાનાં કાવ્યો પણ એમણે આપ્યાં છે. ઇ.સ.1923માં વેણીનાં ફૂલ' અને ઇ.સ.1930માં 'કિલ્લોલ' કાવ્યસંગ્રહ બાળકો વિશેની અને બાળકો માટેની ગીતરચનાઓમાં લોકગીતોના લયઢાળોને ઉપાડ્યા છે. તો બીજી તરફ એમની કવિતાઓમાં બંગાળી, અંગ્રેજી,

જાપાની કવિતાની છાયા પણ ઝિલાતી જોઇ શકાય છે. મેઘાણીને રાષ્ટ્રીય શાયરનું બિરુદ ઇ.સ.**1935**માં યુગવંદના' (કાવ્યસંગ્રહ) દ્વારા મળેલ. એમાં વીર અને ઇંગ લો કરુણરસ, લોકલય સાથે ચારણી છટા અને છાંટવાળાં રાષ્ટ્રભક્તિનાં, દલિત-પીડિતો પ્રતિ અનુકંપાનાં કાવ્યો મળે છે. સાથે બીજાં કાવ્યો પરથી રૂપાંતરિત કે અનુસર્જન રુપનાં એવાં ‘કોઈનો લાડકવાયો' જેવાં કથાગીતો અને આત્મસંવેદનનાં કાવ્યો છે.

ઇ.સ.**1947**માં ‘એકતારો' કાવ્યસંગ્રહનાં **47 (**સુડતાલીસ**)** કાવ્યોમાં કાવ્યત્વ કરતાં પ્રચારલક્ષિતા વિશેષ છે. ઇ.સ.**1943**માં બાપુનાં પારણાં'માં ગાંધીવિષયક કાવ્યો છે. તો વળી ઇ.સ.**1944**માં રવીન્દ્રવીણા' કાવ્યસંગ્રહમાં રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યસંગ્રહ ‘સંચયિતા'નાં કાવ્યો પરથી રચાયેલાં રૂપાંતરિત કે અનુસર્જનરૂપ કાવ્યો પણ મળે છે. આમ મેઘાણી પાસેથી આપણને ગાંધીયુગ પ્રભાવી કાવ્યો મળે છે.

<u>કથાસાહિત્યકાર તરીકે</u>

મેઘાણીને વાર્તાલેખન કલાની હથોટી ટાગોરની ‘કથાઓ કાહિની'ની કથાઓ પરથી રૂપાંતરિત ઇ.સ.**1922**માં કુરબાનીની કથાઓ' અને લોકકથાઓનાં સંપાદન નિમિત્તે મળેલી, એમ આપણે કહી શકીએ. પરંતુ, એમનું મૌલિક વાર્તાસર્જન તો ઇ.સ.**1931**થી જ શરૂ થયું હતું. એમની મહત્વની મૌલિક **62 (**બાસઠ**)** નવલિકાઓ ઇ.સ.**1931** અને ઇ.સ.**1935**માં ‘મેઘાણીની નવલિકાઓ'- ભાગ **1 / 2** મળે છે. તો ઇ.સ.**1946**માં ‘વિલોપન' મળે છે. રચનારીતિની નજરે જોઇએ તો, એમાં ધૂમકેતુની વાર્તાઓને વિશેષ અનુસરતી આ વાર્તાઓમાં આપણા રૂઢિગત જીવનનાં મૂલ્યો

પર તીખા કટાક્ષ કરતી હોય એવું લાગ્યા વિના રહેતું નથી તો વળી. શ્રધ્ધા, સેવા, સ્નેહ, સંસ્કાર, સંવેદના, સમર્પણ, મર્દાનગી, દિલાવરી જેવાં સોરઠી સંસ્કૃતિનાં વિલીન થતાં મૂલ્યો પ્રત્યેનો અહોભાવ પણ વિશેષ જોવા મળે છે.

ઇ.સ.1934માં ઝવેરચંદ મેઘાણી જેલ ઑફિસની બારી'માં જેલની સજા પામેલા ગુનેગારો અને તેમનાં સ્વજનોનાં જીવનનું આલેખન કરતું પુસ્તક આપે છે. મેઘાણીનું બહુ જાણીતું સર્જન તે ઇ.સ.1945માં ‘માણસાઈના દીવા” રુપે આપણને મળે છે. તેમાં લોકસેવક રવિશંકર મહારાજને મોઢે સાંભળેલી ચરોતરની ચોર-લૂંટારુ ગણાતી બારૈયા-પાટણવાડિયા કોમનાં માણસોમાં રહેલી માણસાઈને પ્રગટ કરવાની નેમ છે. આજેય અનેકવાર દૈનિકપત્રોમાં આ શીર્ષક સાથે સમાચાર જોવા મળે છે. એ લોકપ્રિયતાનું ફળ કહી શકાય.

મેઘાણી પાસેથી આપણને ઇ.સ.1934માં ‘પ્રતિમાઓ’ પુસ્તક અને ઇ.સ.1935માં પલકારા’ પુસ્તક મળે છે. વિદેશી ચલચિત્રો પરથી રૂપાંતરિત પંદર વાર્તાઓ પણ આ સાથે જ મળે છે. ઇ.સ.1932માં ‘દરિયાપારના બહારવટિયા’ પુસ્તક પણ મળ્યું છે. એચ્ટન વુલ્ફના પુસ્તક ધ આઉટલૉઝ ઑવ મોડર્ન ડેઝ'ની સત્યઘટનાત્મક વાર્તાઓ પરથી રૂપાંતરિત ચાર બહારવટિયાઓની કથાઓનો સંગ્રહ છે. પત્રકારત્વના વ્યવસાય નિમિત્તે વાર્તાઓ ઉપરાંત મેઘાણી પાસેથી યાદગાર નવલકથાઓ પણ મળી છે.

મેઘાણીની સૌપ્રથમ કહી શકાય એવી, પહેલી મૌલિક પાત્રલક્ષી નવલકથા ઇ.સ.1936માં ‘નિરંજન’મળે છે. આ નવલકથામાં નિરંજનને એક તરફ ગ્રામજીવનના સંસ્કાર પ્રત્યે, તો બીજી તરફ આધુનિક જીવન અને તેની પ્રતિનિધિ સુનિલા પ્રત્યે જન્મેલું આકર્ષણ દર્શાવવામાં આવ્યું છે. એની સાથે આ બે પરિસ્થિતિઓની વચ્ચે ઝોલા ખાતો બતાવી નાયક અંતે ગ્રામજીવન અને ત્યાંનાં મનુષ્યો તરફ ખેંચાતો બતાવ્યો છે. મેઘાણીનો ગ્રામ્યસંસ્કૃતિ અને સમાજ તરફનો

ઝુકાવ જોઇ શકાય છે. ઇ.સ.1937માં સોરઠ, તારાં વહેતાં પાણી' નવલકથામાં ઓગણીસમી સદીના અસ્ત અને વીસમી સદીના ઉઘાડના સમયની સોરઠી જીવનની વાતારવણપ્રધાન પ્રાદેશિક કથા છે. આ ગુજરાતી સાહિત્યની પહેલી પ્રાદેશિક નવલકથા (જાનપદી કે આંચલિક) નવલ બને છે.

તો વળી, ઇ.સ.1939માં વેંવિશાળ' નવલકથામાં સામાજિક વિષય વસ્તુ લઇને આવે છે. એમાં ધનિક બની ગયેલા કુટુંબની કન્યાના ગરીબ ઘરે થયેલા વેવિશાળમાંથી ઊભી થતી સમસ્યા કેન્દ્ર સ્થાને હોવાથી આ સામાજિક નવલકથા બને છે.

ઇ.સ 1940માં તુલસીક્યારો'માં જૂની પેઢીની સંસ્કારિતાને આલેખતી સામાજિક નવલકથા આપણને મળે છે. ઇ.સ 1943માં 'પ્રભુપધાર્યા' કૃતિમાં બ્રહ્મદેશની ભૂમિમાં રોપાયેલી, ગૂર્જર-બર્મી સમાજનાં સંસ્કાર અને સંસ્કારનાં સંપર્કને આલેખતી અને મુખ્યત્વે બ્રાહ્મીપ્રજાનું સમાજચિત્ર રજૂ કરતી નવલકથા બને છે.

ઇ.સ.1947માં 'કાળચક્ર' વીસમી સદીનાં ચાલીસ-અને-પચાસનાં દાયકા વચ્ચેની ઘટનાઓ કેન્દ્રસ્થાને છે. આ સમયની સામાજિક સમસ્યાઓને આલેખતી અપૂર્ણ રહી ગયેલી આ નવલકથા છે. મેઘાણીની લોકસાહિત્યના સંસ્કાર-છાંટવાળી ઐતિહાસિક નવલકથાઓ પૈકી ઇ.સ.1938માં 'સમરાંગણ' મળે છે, જેમાં ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફર ત્રીજાના રાજ્ય અમલનાં સમયની કથા છે. ઇ.સ.1939માં મેઘાણીઆપણને 'રા'ગંગાજળિયો' નવલકથા આપે છે. જેમાં પંદરમી સદીનો જૂનાગઢનો રા'માંડલિક માંડલિકમાંથી મુસ્લિમ ધર્મ કેમ અંગીકાર કરે છે એને આલેખતી નવલકથા બનતી જોઇ શકાય છે.

ઇ.સ.**1939** અને ઇ.સ.**1942**માં 'ગુજરાતનો જય'- ભાગ **1 / 2** નવલકથાઓ આપે છે. આ કથાનાં કેન્દ્રમાં તેરમી સદીની છેલ્લી પચીસીમાં વસ્તુપાલ-તેજપાલને હાથે ગુજરાતના પુનરુદ્ધાર માટે થયેલા પ્રયત્નોની પુરુષાર્થ કથા છે.

ઝવેરચંદ મેઘાણીની રૂપાંતરિત કે અન્ય કૃતિ પરથી પ્રેરિત નવલકથાઓ પૈકી ઇ.સ.**1932**માં 'સત્યની શોધમાં' અપ્ટન સિંકલેરની સેમ્યુઅલ ધ સીકર' કૃતિ પરથી અને ઇ.સ.**1939**માં બીડેલાં દ્વાર' એ જ લેખકની 'લવ્ઝ પિલગ્રિમેઇજ' કૃતિને આધારે લખાયેલી છે.

વિકટર હ્યુગોની 'ધ લાફિંગ મૅન' પરથી ઇ.સ.**1937**માં 'વસુંધરાનાં વહાલાંદવલાં' સુંદર અને રસિક નવલકથા મળે છે.હૉલ કેઈનની "ધ માસ્ટર ઑવ મૅન' પરથી પ્રેરિત ઇ.સ.**1938**માં 'અપરાધી' કથા આપે છે. આમ, મેઘાણી પાસેથી આપણને ઘણું કથાસાહિત્ય મળે છે. એની નોંધ લેવી જ રહી !

## <u>લોકસાહિત્યનાં સંશોધન, સંપાદન અને સમાલોચનની પ્રવૃત્તિ</u>

ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્યને શિષ્ટભોગ્ય રૂપમાં રજૂ કરવાનું શ્રેય એમને છે. સૌરાષ્ટ્રને ગામડે ગામડે ફરી એકલે હાથે ભેગા કરેલા લોકસાહિત્યનું સંપાદન એમણે સાહિત્યિક દ્રષ્ટિને મુખ્ય અને સામાજિક દ્રષ્ટિને ગૌણ રાખીને કર્યું છે. ઇ.સ.**1923**માં ડોશીમાની વાતો' પુસ્તકમાં મેઘાણી લોકસાહિત્યના સંપાદનનું એમનું પહેલું પુસ્તક આપણને આપેછે.પરંતુ, એમને સાહિત્ય જગતમાં પ્રતિષ્ઠા અપાવી તો અપાવનાર સૌરાષ્ટ્રની રસધાર' ભાગ **1** થી **5** છે. ઇ.સ.**1923**થી **1927**

સુધીમાં એ પાંચેય ભાગ પ્રગટ થયેલાં. એવું જ બીજું સર્જન તે સોરઠી બહારવટિયા' છે. તે પણ ત્રણ ભાગમાં મળે છે. ઇ.સ.1927 / ઇ.સ.1928 / ઇ.સ.1929માં આ ત્રણ ભાગ મળે છે. ખૂબ લોકપ્રિય બનેલ 'સૌરાષ્ટ્રની રસધાર'માં સોરઠી જનસમાજનાં વેર અને પ્રેમની, બંધુતા અને ધિક્કારની, દગા અને દિલાવરીની કોમળ, કરુણ અને ભીષણ લાગણીઓવાળી પંચાણું જેટલી લોકવાર્તાની નજીકની વાર્તાઓનું સંપાદન છે. સંપાદિત લોકકથાઓના કથ્યરૂપને યથાતથ જાળવવાને બદલે મેઘાણીએ અહીંયા ટૂંકીવાર્તાનો ઘાટ જોઇ શકાય છે.

'સોરઠી બહારવટિયા'માં પરિપૂર્ણ નહીં, પણ બહારવટિયાઓના કેટલાક જીવનપ્રસંગોને શક્ય એટલું દસ્તાવેજી રૂપ અપાયું છે; તો પણ પ્રસંગોની રસભરી રજૂઆત કથાઓને કાલ્પનિક રંગે રંગે છે.

ઇ.સ.1927 અને ઇ.સ.1928માં 'કંકાવટી'- ભાગ 1 / 2 મેઘાણી પાસેથી મળે છે. આ પુસ્તકમાં ચમત્કારી તત્વોવાળી, નૃવંશશાસ્ત્રના અભ્યાસીઓને ઉપયોગી બને તેવી છેતાલીસ વ્રતકથાઓનું, લેખકનાંઅન્ય સંપાદનો કરતાં વધુ શાસ્ત્રીય એવું આ સંપાદન છે. તો ઇ.સ.1927માં 'દાદાજીની વાતો' અને 'ડોશીમાની વાતો'ની લોકવાર્તાઓને સમાવી એમાં બીજી વધુ વાર્તાઓ ઉમેરી પ્રગટ કરેલા 'દાદાજી અને ડોશીમાની વાતો'ની વાર્તાઓમાં તેમ જ ઇ.સ.1945માં રંગ છે બારોટ' લોકવાર્તાઓ મળે છે.

મેઘાણી ખૂબ પરિભ્રમણ કરે છે. મેઘાણીને લોકસમાજ અને તળપ્રદેશની સાથે એનો ગાઢ નાતો અને નિસ્બત રહ્યાં છે. ઇ.સ.1928માં સોરઠી સંતો' અને ઇ.સ.1938માં પુરાતન જ્યોત' પુસ્તક આપે છે. એમાં બિનસાંપ્રદાયિક લોકસંતોની જીવનકથાનાં સંપાદનો છે. સંતકથાઓમાં દંતકઠાઓ પણ ભળી જ જતી હોય છે.

તો ઇ.સ.1931માં 'સોરઠી ગીતકથાઓ'માં અંગ્રેજી 'બૅલેડ'ને મળતી તેર લોકગીત કથાઓ જોવા મળે છે.

ઇ.સ.1925થી ઇ.સ.1942 સુધીનાં સમયાંતરે રઢિયાળી રાત ભાગ 1થી 4 પુસ્તમાં દાંપત્યજીવન, રમકડાં, હાલરડાં, કાનગોપી, વિનોદગીતો, રસગીતો, નવરાત્રિનાં જોડકણાં, સંસારચિત્રો, ઋતુગીતો, ક-જોડાનાં ગીતો, દિયર-ભોજાઈનાં ગીતો, ઈશ્ક-મસ્તીનાં ગીતો, મુસલમાની રાસડા, કથાગીતો, જ્ઞાનગીતો આદિ શીર્ષકો નીચે વર્ગીકૃત થયેલાં ગુજરાતમાં પ્રચલિત લોકગીતોનું સંપાદન સંશોધન માટે મહત્વનાં પુસ્તક તરીકે સ્વીકારી શકાય. છે. જે આજેય એટલાં જ લોકપ્રિય અને અને સંશોધન માટે મહત્વનાં પુસ્તક તરીકે સ્વીકારી શકાય.

તો વળી ઇ.સ.1928 અને ઇ.સ.1929માં ચૂંદડી" ભાગ 1 / 2 પુસ્તકમાં જુદી જુદી કોમોનાં લગ્નગીતો સંચિત થયાં છે.

ઇ.સ.1928માં 'હાલરડાં', ઇ.સ.1929માં ઋતુગીતો' ઇ.સ.1947માં 'સોરઠી સંતવાણી' અને ઇ.સ.1947માં 'સોરઠિયા દુહા જેવા જુદા જુદા વિષયનાં ગીતો, ભજનો અને કાવ્યોનાં સંપાદનો મેઘાણી દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યનાં આ સંપાદનો કંઈક મિશનરી આવેશ અને ઊર્મિલ અભિગમને લીધે શાસ્ત્રીય કરતાં લોકભોગ્ય વિશેષ છે. તોપણ લોકસાહિત્યનો આત્મા ખંડિત ન થાય એની કાળજી જરૂર લેવાઈ છે. આ મેઘાણીનાં સંશોધન-સંપાદન-સંકલનગ્રંથો છે. એ આપણે ધ્યાને લેવું જોઇએ.

મેઘાણીએ લોકસાહિત્યનું સંપાદન અને સંકલન કર્યું છે. એ જ રીતે ગુજરાતીમાં લોકસાહિત્યની સંજ્ઞા સાથે વ્યાખ્યા-વિભાવનાની વિચારણા કે

વિચારવિમર્શ પણ કર્યા છે. ઇ.સ.1939 અને ઇ.સ.1944માં ધરતીનું ધાવણ ભાગ 1 / 2 પુસ્તક મળે છે. તેમાં મેઘાણીએ પોતે સંપાદિત કરેલા લોકસાહિત્યના ગ્રંથોમાં મૂકેલા પ્રવેશકો, અન્ય સંપાદકોના ગ્રંથોની પ્રસ્તાવનાઓને વ્યાખ્યાનો સમાવી લેવાયાં છે.

ઇ.સ.1944માં 'લોકસાહિત્ય-પગદંડીનો પંથ' પુસ્તક એ એક વ્યાખ્યાનમાળાના ઉપક્રમે અપાયેલું વ્યાખ્યાન છે, જેમાં પ્રાચીનકાળથી ચાલ્યા આવતા લોકસાહિત્યની પગદંડીનો પરિચય મળે છે. ઇ.સ.1946માં 'લોકસાહિત્યનું સમાલોચન' પુસ્તક આપે છે. એ પુસ્તક પણ એક વ્યાખ્યાનમાળાના ઉપક્રમે અપાયેલાં પાંચ વ્યાખ્યાનો છે, જે કથ્ય ભાષાના સાહિત્યસીમાડા', 'ગુજરાતનું લોકસાહિત્ય પ્રગટાવનારાં સંસ્કારબળો', 'કેડી પાડનારાઓ", 'સ્વતંત્ર અને સજીવનસ્રોત' તથા 'સર્વતોમુખી ઉલ્લાસ" એ શીર્ષકો હેઠળ લોકસાહિત્યવિશે સર્વગ્રાહી અને પ્રમાણભૂત ચર્ચા કરે છે. સ્પષ્ટ રીતે આત્મકથા ન કહી શકાય, પરંતુ લેખકના અંગત જીવનનો અનુબંધ આપતી ત્રણ કૃતિઓ પૈકી ઇ.સ.1946માં પરકમ્મા' અને ઇ.સ.1947માં 'છેલ્લું પ્રયાણ'માં લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન કેટલી જહેમતથી એમણે કરેલું તેનો પરિચય મળે છે.

તો મેઘાણીનાં અવસાન બાદ પ્રકાશન પામેલ ઇ.સ.1948માં લિ. સ્નેહાધીન ઝવેરચંદ'માં એમના કૌટુંબિક અને સાહિત્યિક જીવનમાં ડોકિયું કરાવતા 176 ચૂંટેલા પત્રો સંચિત(સંગ્રહિત) થયા છે. મેઘાણીએ જે કેટલિક લઘુ પુસ્તિકાઓ આપી છે તે જોઇએ તો - ઇ.સ.1927માં બે દેશદીપક', ઇ.સ.1939માં 'ઠક્કરબાપા', ઇ.સ.1942માં 'મરેલાંનાં રુધિર', 'અકબરની યાદમાં', 'આપણું ઘર', 'પાંચ વર્ષનાં પંખીડાં', આપણાં ઘરની વધુ વાતો' અને ઇ.સ.1944માં 'દયાનંદ સરસ્વતી' એ એમની લઘુજીવનચરિત્રોની પુસ્તિકાઓ છે.

મેઘાણીએ ઇ.સ.1934માં ‘વંઠેલા’ ત્રણ એકાંકીઓનો સંગ્રહ આપ્યો છે. સાથોસાથ કેટલીક નાટ્યરચનાઓ અનૂદિત છે. ઇ.સ.1923માં ‘રાણો પ્રતાપ’ અને ઇ.સ. માં ‘શાહજહાં' દ્વિજેન્દ્રલાલ રોયનાં નાટકોના અનુવાદ છે.

પદ્યનાટક તરીકે ઇ.સ.1926માં ‘રાજારાણી’ રવીન્દ્રનાથ ટાગોરના નાટકનો અનુવાદ છે. ઇ.સ.1923માં ‘એશિયાનું કલંક’, ઇ.સ.1927માં ‘હંગેરીનો તારણહાર’, ઇ.સ.1930માં ‘મિસરનો મુક્તિસંગ્રામ’, ઇ.સ.1931માં ‘સળગતું આયર્લેન્ડ’ અને ઇ.સ.1943માં ધ્વજ-મિલાપ' એવા ઇતિહાસગ્રંથો ઝવેરચંદ મેઘાણી આપણને આપે છે.

ઇ.સ.1928માં સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં અને ઇ.સ.1933માં ‘સોરઠને તીરે તીરે’ સોરઠનાં ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય અને જીવનનો પરિચય કરાવનારા મેઘાણીનાં પ્રવાસગ્રંથો છે. પત્રકારત્વ ક્ષેત્રે પણ એમણે કામ કર્યું છે. એની ફલશ્રુતિ રુપેનાં ગ્રંથ આપ્યાં છે.

ઇ.સ.1939માં ‘વેરાનમાંમાં પરદેશી સાહિત્યકારો અને સાહિત્યકૃતિઓ પરથી રચેલાં કરુણા અને કટાક્ષમિશ્રિત માનવતારંગી રેખાચિત્રો છે. ઇ.સ.1944થી ઇ.સ.1947 સુધીમાં સમયાંતરે મેઘાણીએ આપણને ‘પરિભ્રમણ’- ભાગ 1,2, 3 આપે છે.

‘જન્મભૂમિ’ દૈનિકની કટાર કલમ અને કિતાબ' હેઠળ સાહિત્ય અને જીવન વિશે લખાયેલા લેખો છે; સાંબેલાના ‘શાણો’ના ઉપનામથી લખાયેલી કટાક્ષિકાઓનો સંગ્રહ છે. આમ મેઘાણીનું સાહિત્ય માતબર અને મૂલ્યબોધ સાથે

ઉપસતું સાહિત્ય છે. લોકપ્રિયતા અને લોકભોગ્યતાની નજરે આજેય મેઘાણીની તુલના સાથે બહુ ઓછા ગુજરાતી સાહિત્યકારો આપણને મળે છે. એ મેઘાણીની સૌથી મોટી સફળતા ગણી-ગણાવી શકાય. રાષ્ટ્રીય શાયર તરીકે મેઘાણી અનન્ય અને અતુલ્ય છે.

## સમાપન

ગાંધીયુગનાં મુર્ધન્ય અને મૂલ્યનિષ્ઠ સર્જક તરીકે મેઘાણીની અમૂલ્ય છાપ છે. જ્યાં સુધી લોકસાહિત્યની વાત છે ત્યાં મેઘાણીનો પર્યાય આજેય હજી આપણી પાસે નથી જ નથી. મેઘાણીની વિચારધારામાં ક્યાંક ભેળસેળ છે. તો વળી ગાંધી પ્રભાવમાંથે એતે બહુ મુક્ત બની કે રહી શક્યા નથી. એમ આપણી કહી શકીએ. લગભગ મળેલાં આયુષ્યનાં પચાસ વર્ષમાં 97 (સત્તાણું) પુસ્તકો અર્થાત એક વર્ષમાં સરેરાશ ચાર પુસ્તક તેઓ આપે છે. એમણે ઇ.સ.1923થી ઇ.સ.1947 સુધીનો એમનો સર્જનકાળ રહ્યો છે. માતબર સાહિત્ય સાથે રાષ્ટ્રીયતાનાં રંગે રંગાયેલ મેઘાણી વિશે આપણે એટલું જ કહીશું...

દુહા છંદા ને સોરઠા ઇ સોરઠની સરવાણી,

રોયાં રાતા પાણીએ સહુ મરતા મેઘાણી.

- દુલા ભાયા 'કાગ'